જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૬/૨૦૨૩ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૭૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૮ કેસ કરી, ૭૮ વ્યક્તિઓને ઝડપી, ૪૨૮ લીટર દેશી દારૂ, ૬૩૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૨૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૫ બિયર ટીન, ૦૩ સ્કુટર અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૭૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૭૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૯૭૫/૨૦૨૩

**ખોખરાઃ** તૃપ્તીબહેન વા/ઓ અજયભાઇ ચૌધરી (ઉ.વ.૪૨)(રહે.અવની એવન્યુ ફ્લેટ મણીભુવન ની બાજુમાં મણીયાસા મણીનગર પુર્વ ખોખરા)એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૬/૨૦૨૩ રાતના ૯/૩૦ થી તા.૧૫/૦૬/૨૦૨૩ર ના કલાક ૬/૩૦ વાગ્યા દરમ્યાન તૃપ્તીબહેનના મકાનના દરવાજાનુ તાળુ અને નકુચા તોડી, અજાણી વ્યક્તિ મકાનમા પ્રવેશ કરી, તીજોરીમાંથી ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૬,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે.આ ગુનાની તપાસ પોસઇ.શ્રી એસ.જે.ચૌહાણ ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૯૭૬/૨૦૨૩

**ઓઢવઃ** કૌશીકભાઇ તુલસીભાઇ રાદડીયા (ઉ.વ.૨૭)(રહે.દેવનંદન ઓફીસ, ટાઉનહોલની બાજુમાં આશ્રમરોડ, એલીસબ્રિજ) એ તા.૧૫/૦૬/૨૦૨૩ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૬/૨૦૨૩ ના કલાક ૧૦/૦૦ થી તા.૧૫/૦૬/૨૦૨૩ સાંજના ૫/૩૦ વાગ્યા દરમ્યાન ઓઢવ વીરાટનગર વેરા પાસે ક્રિષ્ણાપાર્ક સોસાયટી સામે આવેલ "ક્રિષ્ણા ડ્રેનેજ પંપીગ સ્ટેશન" ના કમ્પાઉન્ડમાંથી કુલ ૬૪ મીટર કેબલ કુલ કિંમત રૂપિયા ૧,૩૭,૬૦૦/- મતાના અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.હરકટ ચલાવે છે.

**પાંચમા માળેથી પડી જતાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૯૭૭/૨૦૨૩**

**નરોડાઃ** નરોડા, હંસપુરા દહેગામ રોડ ખાતે આવેલ “શ્રીજી બિઝનેસ હબ” નામની નવી બનતી સાઈટ ઉપર કામ કરતા અને ત્યાંજ રહેતા ગોવિંદ સ/ઓ માનસિંગ ગરાસીયા (ઉ.વ.૧૮) (મૂળવતનઃ- ગામ- પાંચમહુડા તા- ગાંગડતલાઇ જી- બાસવાડા રાજસ્થાન) તા૧૪/૦૬/૨૦૨૩ રાતના ૮/30 વાગ્યાના સુમારે “શ્રીજી બિઝનેસ હબ” સાઈટના પાંચમા માળે સાફ સફાઇ કરતા હતા ત્યારે આકસ્મીક રીતે નીચે પડી જતા શરીરે ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશકુમાર સુકાભાઈ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૭૮/૨૦૨૩**

**દાણીલીમડાઃ** પુજાબેન ઉર્ફે ભુમિબેન વા/ઓ સુંડાભાઇ પરમાર (ઉ.વ.૨૨)(રહે.દેવાભાઇની ચાલી બ્રીજના છેડે ખોડીયારનગર બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૬/૨૦૨૩ બપોરના ૧૨/૦૦ વાગ્યા પહેલા પોતાની સાસરીમાં ઘરના લાકડાના મોભ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.ડી.વાઘેલા ચલાવે છે.

**નારોલઃ** કેતનકુમાર બિપીનભાઈ હાલારી (ઉ.વ.૪૦)(રહે.સ્વામિનારાયણ પાર્ક-૦૨ મર્લિન સ્પર્શની બાજુમા નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૬/૨૦૨૩ સવારના ૯/૩૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અમૃતજી અળખાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી